રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઇ-ન્યૂઝલેટર અંક નં. ૨૦ ડીસેમ્બર-૨૦૧૯

# સ્માર્ટ રાજકોટ



# રાજકોટમાં શાનદાર મેરેથોન

તા.૨૯-૧૨-૨૦૧૯ ને શરદ ઋતુની સોહામણી સવારે ૬:૦૦ કલાકે સ્વાસ્થ્ય પ્રિય હજારો રજકોટવાસીઓની મેદનીથી ભરચક રેસકોર્સના મેદાનમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે 'સવન રાજકોટ મેરેથોન-૨૦૧૯'નો ફલેગ ઓફ આપી પ્રારંભ કરાવાયો હતો. ૫ કિ.મી., ૧૦ કિ.મી. અને ૨૧ કિ.મી. એમ ત્રણ કેટેગરીમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ પોલિસ તંત્ર અને રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉનના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મેરેથોન-૨૦૧૯ માં પ્રથમ ૨૧ કિ.મી. ત્યારબાદ ૧૦ કિ.મી. અને ૫ કિ.મી. કેટેગરીના દોડવિરોને ફલેગઓફ આપી દોડનો પ્રારંભ કરાવ્યા બાદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશેષ મંચ પરથી ફલેગ ઓફ આપી ઉત્સાહભર ભાગ લઇ રહેલા ૯૦૦ થી વધુ દિવ્યાંગ દોડવીરોને દોડનો પ્રારંભ કરાવી તેઓના ઉત્સાહને દ્વિગુણીત કર્યો હતો.

મેરેથોન-૨૦૧૯નો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું હતું કે, મેરેથોન દોડ એ એકતાનું પ્રતિક છે. આ સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના 'ફિટ ઇન્ડીયા અભિયાન' અને 'સ્વસ્થ ભારત તંદુરસ્ત ભારત'ના મંત્રને મૂર્તિમંત કરતા આ રાજકોટ મેરેથોનમાં સમગ્ર રાજકોટની જનતાને વહેલી સવારે સહયોગી બનાવી દોડમાં સામેલ કરવા બદલ આયોજકોને બિરદાવ્યા હતા. આ તકે રોટરી કલબ ઓફ મીડટાઉન દ્વારા કરાવામાં આવતી કામગીરીને વર્ણવતા તેઓએ રાજકોટને મેરેથોન દોડના આયોજનમાં સહયોગ બનવા બદલ અભિનંદન આપ્યા હતા. દેશના સૌથી વધુ વિકાસ પામી રહેલા દસ શહેરોમાં રાજકોટનું નામ અંકિત છે, તે ગૌરવની બાબત છે. આ મેરેથોન દોડ થકી રાજકોટે એક આગવી ઓળખ ઉભી કરી છે. મેરેથોન દોડ લોકોમાં આત્મવિશ્વાસ જગાવે છે. સ્માર્ટ રાજકોટ, વાઇબ્રન્ટ રાજકોટ હવે દોડતું રાજકોટ બન્યું છે.

દોડ, વ્યાયામ, યોગ થકી સ્વાસ્થ્યપ્રદ જીવન અને સમાજ બનવાથી રાજકોટ શહેર, રાજ્ય અને

- બાળકો, યુવાનો અને વયસ્કો મળી કુલ ૩૫ હજારથી વધુ દોડવીરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- ૯૦૦થી વધુ દિવ્યાંગ ખેલાડીઓએ પણ ઉત્સાહપ્રેરક દોડ લગાવી ફિટ ઇન્ડીયા અભિયાનને વેગ આપ્યો.
- વર્લ્ડ એથ્લેટીક્સ બોડીની આઇ.એ.એ.એફ સંસ્થા દ્વારા ખાસ પ્રકારે મેરેથોન દોડ રૂટની માપણી અને પસંદગી કરાઇ.
- ૫ કિ.મી.ની ફન રન, ૧૦ કિ.મી. અને ૨૧ કિ.મી હાફ મેરેથોન એમ ત્રણ કેટેગરીમાં મેરેથોન યોજાઇ.
- રાજકોટ મેરેથોન-૨૦૧૯ને પ્રમોટ કરવા દેશભરમાંથી ૬ સ્ત્રી અને ૨૪ પુરૂષ દોડવીરો ભાગ લીધો.
- દરેક રૂટ પર ન્યુટ્રીશન પોઇન્ટ પર દોડવીરોને પાણી, ફુટ, એનર્જી ડ્રિંક સહિત ડોકટરો-ફિઝિયોથેરાપિસ્ટની ખાસ સુવિધા.



"વાઇબ્રન્ટ રાજકોટ હવે દોડતું રાજકોટ બન્યું છે."

- શ્રી વિજયભાઇ રૂપાણી,
માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

**માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ "સવન રાજકોટ મેરેથોન-૨૦૧૯" ને ફલેગ ઓફ આપી કરાવેલો પ્રારંભ**

**વિજેતા ખેલાડીઓને પુરસ્કારો સાથે રાજકોટના વિજેતા ખેલાડીઓને પણ રોકડ પુરસ્કારો અપાયા**




સમગ્ર દેશના વિકાસને પ્રેરક બળ મળશે. તેઓએ આ તકે દોડમાં ભાગ લેનાર તમામ ૩૫ હજારથી વધુ દોડવીરોને શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે રાજકોટ મેયરશ્રી બિનાબેન આચાર્યએ સ્માર્ટ રાજકોટ સિટીના શહેરીજનોને મરેથોન–૨૦૧૯માં ઉત્સાહપૂર્ણ ભાગ લેવા બદલ અભિનંદન પાઠવતાં આવા કાર્યક્રમો થકી સમાજમાં એકતા અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત્તિ ફેલાય છે તેમ ઉમેર્યું હતું.

પ્રારંભમાં દીપ પ્રગાટય વડે કાર્યક્રમ નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી રૂપાણીનું રોટરી કલબ ઓફ મિડટાઉન રાજકોટના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઇ અમૃતિયાએ બુકેથી સ્વાગત કરી સૌ મહાનુભાવોનું શાબ્દીક સ્વાગત કર્યું હતું. જયારે રોટરી કલબના આયોજન સમિતિના શ્રી દિવ્યેશ અઘેરાએ મેરેથોન–૨૦૧૯ની રૂપરેખા આપી હતી.

બાળકો, યુવાનો અને વ્યસ્કો સહિત કુલ ૩૫ દોડવીરોએ આ મેરેથોન–૨૦૧૯માં ઉત્સાહભેર ભાગ લઇ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરાવેલા ફિટ ઇન્ડીયા અભિયાનમાં સક્રિય સહયોગ નોંધાવ્યો હતો. ૫ કિ.મી., ૧૦ કિ.મી. અને ૨૧ કિ.મી. એમ ત્રણ કેટેગરીમાં યોજાયેલ મેરેથોન–૨૦૧૯ માટે વર્લ્ડ એથ્લેટીકસ બોડીની આઇ.એ.એ.એફ સંસ્થા દ્વારા ખાસ પ્રકારે મેરેથોન દોડ રૂટની માપણી અને પસંદગી કરાઇ હતી. દોડવીરોનો ઉત્સાહ વધારવા દેશના વિવિધ શહેરોમાંથી આવેલા દોડવીરોએ પણ આ મેરેથોનમાં ભાગ લીધો હતો. આ મેરેથોનમાં ૯૦૦થી વધુ દિવ્યાંગ દોડવીરોએ ઉત્સાહસભર ભાગ લઇ અન્યો માટે પ્રેરણાદાયી દ્રષ્ટાંત પૂરુ પાડયું હતું.

આ મેરેથોન દોડને સફળ બનાવવા દોડવીરો માટે દરેક રૂટ પર વિશેષરૂપે ન્યુટ્રીશન પોંઇન્ટ બનાવાયેલ હતા. જેમાં દોડવીરો માટે પાણી, ફ્રુટ, એનર્જી ડ્રિંક સહિત ડોકટરો અને ફિઝિયોથેરાપિસ્ટની ખાસ સુવિધા ઉપલબ્ધ કરાવાઇ હતી. આ સાથે ૧૦ અને ૨૧ કિ.મી.ના દોડવીરો માટે સ્પ્રીંકલર ઝોનની વ્યવસથા ઉપલબ્ધ કરાવાઇ હતી. આ મેરેથોનમાં સમયસર દોડ પૂર્ણ કરવા માટે વિશેષ રૂપે પેસર્સબસ દ્વારા રનર્સને પ્રોત્સાહક બળ પુરુ પાડયું હતું.

મેરેથોન–૨૦૧૯ના વિવિધ કેટેગરીમાં વિજેતા દોડીરોને રોકડ પુરસ્કારના ઇનામો મહાનુભાવોના હસ્તે અપાયા હતા આ સાથે રાજકોટ શહેરના રહીશ દોડવીરોને પણ વિજેતા ક્રમાંક આપી વિશેષ રૂપે રોકડ પુરસ્કારો એનાયત કરાયા હતા. ‘સવન રાજકોટ મેરેથોન–૨૦૧૯’ સફળ બનાવવા રાજકોટની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સહિત અનેક સમાજસેવી સંસ્થાઓએ સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, ધારાસભ્યો શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠીયા, મ્યુનિ. ફાઇ. બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી અંજલીબેન રૂપાણી, કાર્યકારી કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ રાણાવસિયા, પોલિસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ અધિક નિવાસી કલેકટરશ્રી પરીમલ પંડયા, ક્રિકટરશ્રી જયદેવ ઉનડકટ, ડે. મેયર શ્રી અશ્વિનભાઇ મોલીયા, મ્યુનિ. શાસક પક્ષ પ્રમુખશ્રી દલસુખભાઇ જાગાણી, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, અગ્રણીશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શ્રી રાજુભાઇ ધ્રુવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વાઇસ ચાન્સેલરશ્રી પેથાણી સહિત કોર્પોરેશનની વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, સભ્યો, રોટરી કલબ ઓફ મિડટાઉનના પદાધિકારી ઓ સહિત મોટી સંખ્યામાં દોડવીરો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.











**BRTS બસ સેવા વધુ આધુનિક બની...**

# સ્માર્ટ સિટી હેઠળના ITMS પ્રોજેક્ટનું લોકાર્પણ કરતા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી



**Entry અને Exit માટે Turn Style Gate**

**AFCS (ઓટોમેટીક ફેર કલેક્શન સિસ્ટમ) કે જેમાં QR આધારિત ટીકીટ તેમજ સ્ટોપ પર Entry તેમજ Exit માટે એક-એક ઓટોમેટીક ગેઇટ્ (Turn Style Gate) લગાવવામાં આવેલ છે. જે મુસાફરો દ્વારા (QR કોડ આધારિત) ટીકીટ બતાવવાથી તે ટીકીટ પરનો QR કોડ મશીનના વેલીડેટરમાં સ્કેન થશે જેના આધારે ઓટોમેટીક ગેઇટ ખુલી જશે.**

રાજકોટ મહાનગરપાલિકાની SPV – રાજકોટ સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લિમિટેડ (R.S.C.D.L.) દ્વારા પાન સિટી ડેવલોપમેન્ટ અંતર્ગત સેવોત્તમ પ્રોજેક્ટનાં જુદાજુદા કુલ ૭ કમ્પોનન્ટ પૈકી ITMS (ઇન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સીસ્ટમ)નું તા.૮–૧૨–૨૦૧૯ના રોજ સાંજે નાના મવા સર્કલ, ૧૫૦ ફૂટ રિંગ BRTS બસ સ્ટોપ ખાતે રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્ય, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, વોર્ડ નં.૮ ના કોર્પોરેટર શ્રી જાગૃત્તિબેન ઘાડીયા, પૂર્વ ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા કલેકટર શ્રી રેમ્યા મોહન, પોલીસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલ, ડે. મ્યુનિ. કમિશનરશ્રીઓ શ્રી ચેતન નંદાણી, શ્રી એ. આર. સિંઘ અને શ્રી બી. જી. પ્રજાપતિ, એડી. સિટી એન્જી. શ્રી બી. યુ. જોષી અને શ્રી કે. એસ. ગોહેલ, રાજકોટ રાજપથ લિ.ના જનરલ મેનેજર શ્રી જયેશ કુકડીયા, આસી. મેનેજર શ્રી મનીષભાઈ વોરા સહિતના અધિકારી– – શ્રીઓ ઉપસ્થિત રહયા હતાં.

આ પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ રૂા.૧૯.૮૪ કરોડ છે. ITMS Project અન્વયે રાજકોટ શહેરમાં જાહેર પરિવહનની વ્યવસ્થાને વધુ સારી અને સુદ્રઢ બનાવવાના ઉદેશ્યથી કુલ ૧૦.૭ કિમી ના BRTS કોરીડોર પર આવેલ ૧૮ બસ શેલ્ટર્સ પર આ નવી વ્યવસ્થાનું અમલીકરણ BRTS બસ સેવાનું સંચાલન કરતી (SPV) રાજકોટ રાજપથ લી. દ્વારા કરવામાં આવેલ છે.

૧) AFCS (ઓટોમેટીક ફેર કલેક્શન સિસ્ટમ) કે જેમાં QR આધારિત ટીકીટ તેમજ સ્ટોપ પર Entry તેમજ Exit માટે એક–એક ઓટોમેટીક ગેઇટ્ (Turn Style Gate) લગાવવામાં આવેલ છે. જે મુસાફરો દ્વારા (QR કોડ આધારિત) ટીકીટ બતાવવાથી તે ટીકીટ પરનો QR કોડ મશીનના વેલીડેટરમાં સ્કેન થશે જેના આધારે ઓટોમેટીક ગેઇટ ખુલી જશે. આ પ્રકારની અદ્યતન સુવિધા દેશનાં કેટલાક મેટ્રો સ્ટેશનમાં હાલમાં ઉપલબ્ધ છે. આવનારા દિવસોમાં મુસાફરો સ્માર્ટ કાર્ડ દ્વારા પણ મુસાફરી કરી શકશે અને આ માટેની વ્યવસ્થાનો સમાવેશ હાલની સીસ્ટમમાં થઇ શકશે.

૨) PIS (Passenger Information System) અંતર્ગત બસ શેલ્ટરની અંદર તેમજ પ્રવેશ પાસે એમ કુલ ૨ (બે) જગ્યાએ LED ડિસ્પ્લે બોર્ડ લગાવવામાં આવેલ છે. જેના પર મુસાફરોને બસ શેલ્ટર પર આગામી સમયમાં બન્ને દિશામાં આવનાર / જનાર બસના સમયની જાણકારી ETA (Expected Arrival Time ) મળી રહેશે.

3) PAS (Public Announcement System) જે સબબ બસ શેલ્ટરની અંદર તેમજ પ્રવેશ પાસે સ્પીકર લગાવવામાં આવેલ છે. જે આપદા સમયે કે જાહેર હિતાર્થે મુસાફરોને અત્યંત જરૂરી સૂચના આપવા હેતુ લગાવવામાં આવેલ છે.

ITMS પ્રોજેક્ટ અન્વયે ઉભી કરવામાં આવેલ ઉપરોક્ત તમામ સુવિધાઓનો BRTS બસ સેવાનો દૈનિક ઉપયોગ કરતા અંદાજીત ૨૫૦૦૦ થી વધુ મુસાફરોને લાભ મળશે.

### મુસાફરો માટેની માર્ગદર્શિકા

**રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત BRTS બસ સેવાનો ઉપયોગ કરતા તમામ મુસાફરો માટે ઑટોમેટિક ફેર કલેક્શન પદ્ધતિ શરૂ કરવામાં આવેલી છે. જે અંતર્ગત આપે નીચે દર્શાવ્યા મુજબની કાર્ય પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.**

**– ટિકિટ બારી પરથી આપના પ્રવાસની જરૂરિયાત મુજબના સ્ટેશન માટે ની ટિકિટ ખરીદી, ટર્નસ્ટાઇલ ગેટ પાસે રહેલા પીળા પટ્ટાની પાછળના ભાગે ઉભા રહેવાનું રહેશે.**

**– પીળા રંગના પટ્ટાની પાછળ ઉભા રહીને, આપની ટિકિટમાં દર્શાવેલ QR કોડ ને ટર્નસ્ટાઇલ ગેટ ઉપરના વેલીડેટર પર રાખીને સ્કેન કરાવાનું રહેશે.**

**– જેથી ટર્નસ્ટાઇલ ગેટની ઉપર રહેલ વાદળી કલરની લાઈટ લીલા કલરમાં પરિવર્તિત થતા જ આપ સામે રહેલ ટર્નસ્ટાઇલ ગેટના પાઇપને ધીમેથી ધક્કો મારીને ગેટમાંથી પસાર થઇ શકશો.**

**– BRTSના જે સ્ટેશન પર આપનો પ્રવાસ પૂર્ણ થાય ત્યારે આપ પ્રવેશ કરવા સમયે અનુસરેલી પદ્ધતિનો અમલ કરીને સ્ટેશનની બહાર નીકળવાનું રહેશે.**

### અગત્યની બાબત :

**– એક ટિકિટ પર માત્ર એક (૧) વ્યક્તિની મુસાફરી માટે માન્ય ગણાશે.**

**– જો લાલ રંગની એલઈડી અને બઝરનો અવાજ થાય ત્યારે ટર્નસ્ટાઇલ મશીનથી થોડા દૂર પીળા રંગના પટ્ટા ની પાછળ ઉભા રહેવું અને જયારે આ એલઈડી વાદળી રંગમાં પરિવર્તિત થાય ત્યારે તમારી ટિકિટમાં દર્શાવેલ QR કોડને ટર્નસ્ટાઇલ ગેટ ઉપરના વેલીડેટર પર રાખીને ફરીથી સ્કેન કરાવાનું રહેશે.**

### ટર્નસ્ટાઇલ મશીન ઉપરના રંગ નિર્દેશકો :

**– વાદળી રંગ : પ્રવેશ અપવા બહાર નીકળવા માટે મશીન પર QR કોડ આધારિત ટિકિટ સ્કેન કરો.**

**– લીલો રંગ : ટિકિટ માન્ય હોય આપ ગેટમાં પ્રવેશ કરી શકશો અથવા બહાર નીકળી શકો છો.**

**– લાલ રંગ : ટર્નસ્ટાઇલ મશીનથી દૂર રહો અને ત્રણ સેકન્ડ પછી ફરીથી ટિકિટ સ્કેન કરો**

**– પીળો રંગ : ટિકિટ સ્કેન કરવા માટે પીળા રંગની લાઈનની પાછળ ઉભા રહો.**





### પ્રોજેક્ટની વિશેષતા :

**AFCS (ઓટોમેટીક ફેર કલેક્શન સિસ્ટમ) કે જેમાં QR આધારિત ટીકીટ તેમજ સ્ટોપ પર Entry તેમજ Exit માટે એક–એક ઓટોમેટીક ગેઇટ્ (Turn Style Gate) લગાવવામાં આવેલ છે. જે મુસાફરો દ્વારા (QR કોડ આધારિત) ટીકીટ બતાવવાથી તે ટીકીટ પરનો QR કોડ મશીનના વેલીડેટરમાં સ્કેન થશે જેના આધારે ઓટોમેટીક ગેઇટ ખુલી જશે. આ પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ રૂા.૧૯.૮૪ કરોડ છે. આ પ્રકારની અદ્યતન સુવિધા દેશનાં કેટલાક મેટ્રો સ્ટેશનમાં હાલમાં ઉપલબ્ધ છે.**

# પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા લાલપરી - રાંદરડા તળાવ ડેવલપમેન્ટ પ્રોજેક્ટને હવે પાંખો આવશે



## રાજકોટને માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની વધુ એક અનન્ય ગિફ્ટ

## લાલપરી તળાવ મહાનગરપાલિકાને સોંપવા રાજ્ય સરકારશ્રીનો નિર્ણય :

રાજકોટ શહેર મેટ્રો સિટી બનવાની દિશામાં આગળ વધી રહ્યું હોવાની પ્રતીતિ કરાવતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ શહેરને બેનમૂન શહેર બનાવવા વધુ એક અનન્ય ભેંટ આપી શહેરીજનોને ખુશ કરી દીધા હતાં. એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયમાં રાજ્ય સરકારશ્રીએ અત્યાર સુધી પોતાના હસ્તક રહેલ લાલપરી તળાવ હવે રાજકોટ મહાનગરપાલિકા ને સોંપી દેવાનું નક્કી કરેલ છે. રાજકોટના પનોતા પુત્ર એવા માન. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ પ્રત્યેનું ઋણ અદા કરતા શહેરીજનોને રાજકોટની પૂર્વ દિશામાં એટલે કે પૂર્વ ઝોનમાં પણ પ્રદ્યુમન પાર્ક પ્રાણી સંગ્રહાલય પાસે સ્થિત લાલપરી તળાવ સાઈટને હરવા ફરવા માટેના વધુ એક અદ્ભૂત સ્થળ તરીકે વિકાસ કરવાના ઉમદા આશય સાથે આ તળાવ હવે રાજકોટ મહાનગરપાલિકાને સોંપી દેતા લાલપરી – રાંદરડા તળાવ ડેવલપમેન્ટ પ્રોજેક્ટને પાંખો આવશે. સરકારશ્રીએ SJMMSVY અંતર્ગત રાજકોટની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે લાલપરી – રાંદરડા સાઈટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે રૂા.૨૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરેલ હોઈ હવે આ પ્રોજેક્ટ ફાસ્ટ ટ્રેક પર આગળ દોડશે તે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સુનિશ્ચિત કરી આપતા રાજકોટવા––સીઓમાં હર્ષની લાગણી જન્મી છે. દરમ્યાન માન. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય બદલ માન. મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી, મ્યુનિ. કમિશનરશ્રી, શાસક પક્ષના નેતાશ્રી અને દંડકશ્રીએ માન. મુખ્યમંત્રીશ્રીનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો છે.

રાજકોટ શહેરને રૈયા સ્માર્ટ સિટી એરીયામાં અટલ સરોવર સહિત કુલ ત્રણ સરોવર, રેસકોર–૨, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, એમ્સ, નવી જી.આઈ.ડી.સી., સૌની યોજના હેઠળ આજી–૧, ન્યારી–૧ અને ભાદર ડેમમાં નર્મદા નીર, મહાત્મા ગાંધી મ્યુઝિયમ તેમજ શહેરની પરિવહન વ્યવસ્થાને વધુ મજબુત કરતા અને શહેરની ખુબસૂરતીમાં પણ વધારો કરતા વિવિધ બ્રિજ, આધુનિક બસ પોર્ટ બાદ હવે લાલપરી તળાવ સોંપવાના નિર્ણય થી રાજકોટ શહેરને એક એવા પ્રવાસન સ્થળની ભેંટ મળી છે કે, રાજકોટ શહેરના પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આવતા પ્રવાસીઓને લાલપરી–રાંદરડા તળાવ સાઈટ રૂપે હરવા ફરવા માટેનું વધુ એક અદ્ભૂત સ્થળ ઉપલબ્ધ બનશે.

લાલપરી – રાંદરડા સાઈટ અત્યાર સુધી રાજકોટ મહાનગરપાલિકા હસ્તક નહી હોવાને કારણે આ સ્થળનો વિકાસ થઇ શકતો ન્હોતો. કુદરતી સૌંદર્યથી ફાટફાટ થઈ રહેલ આ સ્થળના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ આગળ ધપાવી શકાયા ન્હોતા.

હવે રાજ્ય સરકારશ્રીના નિર્ણયને પગલે રાજકોટ મહાનગરપાલિકા લાલપરી – રાંદરડા સાઈટ ખાતે બોટિંગ, એમ્યુઝમેન્ટ પાર્ક, શાનદાર ગાર્ડન, ઘનિષ્ઠ વૃક્ષારોપણ, જળસંચય, બહારથી અહી આવતા વિવિધ પક્ષીઓનું નિરીક્ષણ જેવા અવનવા આકર્ષણો સહિતનું ભવ્ય પર્યટન સ્થળ વિકસાવી શકશે. આમ પણ રાજકોટ મહાનગર––પાલિકાએ ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રે ઘણું સારું કાર્ય કર્યું છે ત્યારે લાલપરી – રાંદરડા સાઈટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ થકી પર્યાવરણની દિશામાં હવે એક શાનદાર પ્રોજેક્ટને આગળ ધપાવવા ઝડપભેર આગળ દોડી શકશે.

રાજકોટ શહેરની ભાગોળે પ્રદ્યુમન પાર્કની ટેકરીઓની ફરતે રાજાશાહી વખતનું આશરે ૧૦૦ વર્ષ પુરાણું નયન રમ્ય તળાવ આવેલ છે. આ તળાવ ૧૬૭ પક્ષી પ્રજાતિનું ઘર છે, તેમજ અહી ૬૦ જેટલી પ્રજાતિનાં યાયાવર પક્ષીઓ અહી જોઈ શકાય છે. આ તળાવનું બાંધકામ ૧૮૮૯ થી ૧૮૯૧ દરમ્યાન થયેલ છે. આ રાંદરડા તળાવનો એરિયા ૧.૨૦ ચો. કિમી. છે. જયારે લાલપરી તળાવનું બાંધકામ ૧૮૯૫થી ૧૮૯૮ દરમ્યાન થયેલ છે. આ તળાવનો કેચમેન્ટ એરિયા ૮૧.૯૨ ચો. કિ.મી. છે. આ બન્ને તળાવનાં ડેવલપમેન્ટ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રી પાસે રૂા.૨૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા અન્વયે માંગણી કરાયેલ, જે અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા.૨૦ કરોડની ગ્રાન્ટ SJMMSVY – આગવી ઓળખ અંતર્ગત મંજુર કરાયેલ છે. આ કામગીરીમાં લેઈકમાં બોટિંગ સુવિધા ઉભી કરવી, લેઈક અને તેની આસપાસ લેન્ડ સ્કેપિંગ અંગેની કામગીરી, લેઈકમાં બર્ડ વોચીંગની સુવિધા ઉભી કરવી, લેઈકમાં ચેકડેમનું બાંધકામ કરી પુરા વર્ષ દરમ્યાન ચોમાસાનાં પાણીનો સંગ્રહ કરવો. લેઈક આસપાસ રીક્રીએશનલ સ્પેસ ઉભી કરવી, તળાવનાં કાંઠે રીટેઈનીંગ વોલનું નિર્માણ કરવું, આ બન્ને લેઈક ડેવલપ કરતાં પ્રવાસન સ્થળ તરીકે ઉપયોગ થશે અને આ સ્થળ ડેવલપ થવાથી પબ્લીકનાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે તેમજ લેઈક ડેવલપ કરવાથી તેનો જોગર્સ પાર્ક તરીકે પણ ઉપયોગ થઈ શકશે.

પ્રદ્યુમન પાર્ક પાસે આવેલ રાંદરડા અને લાલપરી તળાવને ડેવલપ કરવા માટે SJMMSVY UDP-78 આગવી ઓળખ અંતર્ગત બજેટ જોગવાઈ રાખવામાં આવેલ. જે અંતર્ગત અંદાજે ૧૨૦ હેક્ટર (૧૨ લાખ ચો.મી.) એરિયામાં લેઈક ડેવલપમેન્ટ, લેન્ડ સ્કેપિંગ, લેઈકમાં બોટિંગ, ફાઉન્ટેઈન શો, વગેરેનું પ્લાનીંગ કરવા માટે સ્ટેન્ડીંગ કમીટી ઠરાવ નં.૩૮ તા.03–૦૬–૨૦૧૯ ના ઠરાવથી મે. HCP ડીઝાઈન અને પ્લાંનીંગ એન્ડ મેનેજમેન્ટ પ્રા. લી.ની કન્સલ્ટિંગ તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. જે કામ માટે સદરહુ એજન્સીને તા.૧૧–૦૭–૨૦૧૯ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. વિશેષમાં ઉપરોક્ત પ્રોજેક્ટ પૈકી રાંદરડા તળાવની માલિકી રાજકોટ મહાનગરપાલિકા હસ્તક છે. જયારે લાલપરી ડેમ / તળાવની માલિકી ગુજરાત સરકારશ્રીના સિંચાઇ વિભાગ હસ્તક હોય સદરહુ ડેવલોપમેન્ટની કામગીરી જાહેર જનતાના હિતમાં કરી શકાય તે માટે લાલપરી ડેમ અને તળાવ તથા તેને સંલગ્ન તમામ જમીનનો કબજો રાજકોટ મહાનગરપાલિકા સોંપવા બાબતે ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા સરકારશ્રીમાં રજુઆત મોકલાવેલ.





# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજીત સ્વચ્છતા રેન્કિંગ સ્પર્ધાનું પરિણામ જાહેર થયું

## વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

કેન્દ્ર સરકારશ્રીના 'સ્વચ્છ ભારત મિશન' અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સ્કૂલ, સ્વચ્છ હોટલ, સ્વચ્છ હોસ્પિટલ, સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસોસિએશન, સ્વચ્છ માર્કેટ એસોસિએશન અને સ્વચ્છ ગવર્નમેન્ટ ઓફિસ માટે યોજીત ત્રિમાસિક 'સ્વચ્છ રેન્કિંગ સ્પર્ધા'ના વિજેતાઓને તા.૨૩–૧૨–૨૦૧૯ના રોજ પદાધિકારીશ્રીઓ અને મ્યુનિ. કમિશનરશ્રીના વરદ્ હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. માન. મેયરશ્રી બિનાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઇ જાગાણી, સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઇ ભોરણીયા, ડે. કમિશનર શ્રી ચેતન નંદાણી, પર્યાવરણ ઇજનેર શ્રી નિલેશ પરમાર, નાયબ પર્યાવરણ ઇજનેર શ્રી વલ્લભભાઇ જીંજાળા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ સ્પર્ધાના તમામ વિજેતાઓને અભિનંદન પાઠવતા એમ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર યોજાયેલી સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધાના માધ્યમથી શહેરમાં અને શહેરની બહાર ખૂબ સારો સંદેશ પ્રસરશે કે રાજકોટ ખૂબ ચોખ્ખું છે. સ્વચ્છતાનો સીધો સંબંધ જાહેર સ્વાસ્થ્ય સાથે પણ છે. દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'ફિટ ઇન્ડિયા' રાષ્ટ્રીય અભિયાન છેડ્યું છે ત્યારે સ્વચ્છતા રેંકિંગ અને સ્વચ્છતા અભિયાન તેમાં મહત્વપૂર્ણ પૂરવાર થાય છે. આ સ્પર્ધામાં વિજેતાઓ બનેલી સંસ્થાઓ અને અન્ય એકમો હવે શહેરના ખૂણે ખૂણે પહોંચી વળે અને ગલીએ ગલી સાફ રહે તે દિશામાં આગળ ધપવું જોઇએ.

આ અવસરે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે પણ તમામ વિજેતા એકમોને અભિનંદન આપતા એમ જણાવ્યું હતું કે, માન. પ્રધાનમંત્રીશ્રીએ લાલ કિલ્લા પરથી સમગ્ર દેશને સ્વચ્છતા અંગે જાગૃત રહેવા અને રાષ્ટ્રીય સ્વચ્છતા મિશનમાં સક્રિય હિસ્સો લેવા જે આહવાન કરેલું છે તેમાં સૌને સાથે રાખીને ખૂબ સારા પરિણામો મેળવી શકાય છે. સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધાનાં વિજેતાઓ બનેલા મોટા એકમોની જવાબદારીઓ હવે વધી જાય છે. તેઓએ આજુબાજુના વિસ્તારો દત્તક લઇને આ અભિયાનને વધુ અસરકારક બનાવવું જોઇએ.

સ્વચ્છતા રેંકિંગ વિજેતાઓને પ્રમાણપત્ર અર્પણ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ વિજેતાઓ સાથે એક ખાસ બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચરાના વર્ગીકરણ અંગે વધુ અસરકારક કામગીરી કરવા અંગે જણાવ્યું હતું અને તેમાં સમગ્ર રાજકોટના નાગરિકો જોડાય તે માટેના પ્રયાસોમાં સૌ સાથ આપે એવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૦ અંતર્ગત વિવિધ કેટેગરી માટે સ્વચ્છતા સ્પર્ધા ત્રિમાસિક ધોરણે યોજવાનું તથા તેનું રેંકિંગ કરવાનું જરૂરી હોય છે.

– રાજકોટ મહાનગરપાલિકા તથા ૯૪.૩ માય.એફ.એમ. દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૦ અંતર્ગત સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધા બીજા ત્રિમાસિક ગાળા માટે (જુલાઇ–૧૯ થી સપ્ટેમ્બર–૧૯) કરવામાં આવેલ તથા ત્રીજા ત્રિમાસિક ગાળા માટે (ઓકટોબર–૧૯ થી ડીસેમ્બર–૧૯) સ્વચ્છતા રેંકિંગ કરવામાં આવેલ.

– સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધા વિવિધ ૬ કેટેગરી માટે યોજવામાં આવેલ. જેમાં (૧) સ્વચ્છ સ્કૂલ (૨) સ્વચ્છ હોટલ (૩) સ્વચ્છ હોસ્પિટલ (૪) સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસો. (૫) સ્વચ્છ માર્કેટ એસો. (૬) સ્વચ્છ ગવર્નમેન્ટ ઓફિસ.

– બીજા ત્રિમાસિક ગાળા માટે (જુલાઇ–૧૯ થી સપ્ટેમ્બર–૧૯) રાજકોટ મહાનગરપાલિકા અધિકારી તથા ૯૪.૩ માય.એફ.એમ.ના આર.જે. દ્વારા દરેક કેટેગરીમાં ૧૦ જગ્યાની રૂબરૂ સ્થળ મુલાકાત કરવામાં આવેલ અને તેમને સ્વચ્છતા સંબંધી જાગૃત્તિ લાવવા માટે તથા સંસ્થામાં વધારે સ્વચ્છતા કઇ રીતે રાખવી તેની સમજણ પણ આપવામાં આવેલ, કચરાનું વર્ગીકરણ કઇ રીતે કરવું, સંસ્થાના ટોયલેટમાં કઇ કઇ સુવિધાઓની જરૂર છે તેની પણ સમજણ આપેલ.

– રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી તથા ૯૪.૩ માય.એફ.એમ. ના આર.જે. દ્વારા ત્રિમાસિક ગાળા માટે (જુલાઇ–૧૯ થી સપ્ટેમ્બર–૧૯)ના સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધા અંતર્ગત ૫૦ જગ્યાની રૂબરૂ મુલાકાત કરવામાં આવેલ અને સ્વચ્છતા અંગે જાગૃત્તિ લાવવામાં આવેલ છે.

– સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધાનું ઇન્સ્પે– –કશન થર્ડ પાર્ટી ઓલ ઇન્ડિયા લોકલ સેલ્ફ ગવર્મેન્ટ દ્વારા કરવામાં આવેલ હતું જેમાં દરેક કેટેગરીમાં જુદા જુદા પેરામીટર જેમ કે, ઇન્ફ્રાટ્રકચર, સર્વિસ મેન્ટેનન્સ અને લોકોના ફીડબેક ઉપર દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતિય, તૃતીય નંબર આપવામાં આવેલ.

### બીજા ત્રિમાસિક ગાળા માટેના વિજેતા (જુલાઇ-૧૯ થી સપ્ટેમ્બર-૧૯)

| કેટેગરીનું નામ | સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધાના વિજેતાના નામ |
|---|---|
| સ્વચ્છ હોસ્પિટલ | પ્રથમ સ્થાન : વોકહાર્ટ હોસ્પિટલ |
| | દ્વિતીય સ્થાન : અમૃતા હોસ્પિટલ |
| | તૃતીય સ્થાન : ગોકુલ હોસ્પિટલ |
| સ્વચ્છ હોટલ | પ્રથમ સ્થાન : ફોર્ચ્યુન પાર્ક જે.પી.એસ. ગ્રાન્ડ હોટલ |
| | પ્રથમ સ્થાન : ધ ઇમ્પીરીયલ પેલેસ હોટલ |
| | દ્વિતીય સ્થાન : ફર્ન રેસિડન્સી હોટલ |
| | તૃતીય સ્થાન : આર.પી.જે. રીજેન્ટા હોટલ |
| સ્વચ્છ સ્કૂલ | પ્રથમ સ્થાન : એસ.એન.કણસાગરા સ્કૂલ |
| | દ્વિતીય સ્થાન : રાજકુમાર કોલેજ (આર.કે.સી.) |
| | તૃતીય સ્થાન : રોઝરી સ્કૂલ |
| સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસોસિએશન /મોહલા | પ્રથમ સ્થાન : કસ્તુરી એવીએરી ઓનર્સ એસો. |
| | દ્વિતીય સ્થાન : નીલ્સ ગ્રીન એવેન્યુ ઓનર્સ એસો. |
| | દ્વિતીય સ્થાન : વસંત વાટીકા ફલેટ ઓનર્સ એસો. |
| | તૃતીય સ્થાન : આર્યલેન્ડ રેસિડન્સી |
| સ્વચ્છ માર્કેટ એસોસિએશન | પ્રથમ સ્થાન : રોલ પ્રેસ એસો. |
| | દ્વિતીય સ્થાન : રાજકોટ સિલ્વર એસા. |
| | તૃતીય સ્થાન : શિલ્પ ટાવર એસો. |
| સ્વચ્છ ગવર્મેન્ટ ઓફિસ | પ્રથમ સ્થાન : હેડ પોસ્ટ ઓફિસ |
| | દ્વિતીય સ્થાન : પી.જી.વી.સી.એલ. |
| | તૃતીય સ્થાન : આયકર ભવન |

### ત્રીજા ત્રિમાસિક ગાળા માટેના વિજેતા (ઓકટોબર-૧૯ થી ડીસેમ્બર-૧૯)

| કેટેગરીનું નામ | સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધાના વિજેતાના નામ |
|---|---|
| સ્વચ્છ હોસ્પિટલ | પ્રથમ સ્થાન : એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ |
| | દ્વિતીય સ્થાન : રાજકોટ કેન્સર હોસ્પિટલ |
| | તૃતીય સ્થાન : ક્રાઇસ્ટ હોસ્પિટલ |
| સ્વચ્છ હોટલ | પ્રથમ સ્થાન : ફોર્ચ્યુન પાર્ક જે.પી.એસ. ગ્રાન્ડ હોટલ |
| | દ્વિતીય સ્થાન : ફર્ન રેસિડન્સી હોટલ |
| | તૃતીય સ્થાન : પેટ્રીયા સ્યુઇટ હોટલ |
| | તૃતીય સ્થાન : આર.પી.જે. રીજેન્ટા હોટલ |
| સ્વચ્છ સ્કૂલ | પ્રથમ સ્થાન : રાજકુમાર કોલેજ (આર.કે.સી.) |
| | દ્વિતીય સ્થાન : નિર્મલા કોન્વેટ સ્કૂલ |
| | તૃતીય સ્થાન : એસ.એન.કણસાગરા સ્કૂલ |
| સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસોસિએશન /મોહલા | પ્રથમ સ્થાન : ગાર્ડન સિટી |
| | દ્વિતીય સ્થાન : કોપર સિટી પ્લસ |
| | તૃતીય સ્થાન : શ્યામલ સ્કાય લાઇફ ઓનર્સ એસો. |
| સ્વચ્છ માર્કેટ એસોસિએશન | પ્રથમ સ્થાન : લાખાજીરાજ રોડ માર્કેટ એસો. |
| | દ્વિતીય સ્થાન : ધર્મેન્દ્ર રોડ માર્કેટ એસો. |
| | તૃતીય સ્થાન : શિલ્પ ટાવર માર્કેટ એસો. |
| સ્વચ્છ ગવર્મેન્ટ ઓફિસ | પ્રથમ સ્થાન : પી.જી.વી.સી.એલ.(લક્ષ્મીનગર ઓફિસ) |
| | દ્વિતીય સ્થાન : હેડ પોસ્ટ ઓફિસ |
| | તૃતીય સ્થાન : આયકર ભવન |

# રાજકોટ મનપાની હાઈસ્કૂલના તેજસ્વી છાત્રોનું સન્માન કરાયું

## સાંસ્કૃતિક કાર્યક્રમ 'સપ્તરંગી : ૨૦૧૯-૨૦' યોજાયો

**ગુજરાત પ્રદેશ ભાજપના અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજના વરદ્ હસ્તે કાર્યક્રમનું દીપપ્રાગટ્ય**




રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ્સ દ્વારા તા.૧૪-૧૨-૨૦૧૯ ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે શ્રી પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ ખાતે સપ્તરંગી-૨૦૧૯ કાર્યક્રમ યોજાયો. તથા ધોરણ-૧૦ તેમજ ધોરણ-૧૨ના શાળા કક્ષાએ પ્રથમ ત્રણ વિદ્યાર્થીનું સન્માન કાર્યક્રમ યોજાયેલ જેનું દીપ પ્રાગટ્ય પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ડે.મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, ડે. કમિશનરશ્રી સિંઘ, શ્રી પ્રજાપતિ, શહેર ભાજપ મહામંત્રી શ્રી દેવાંગભાઈ માંકડ, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ પ્રમુખશ્રી અજયભાઈ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, માધ્યમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી અંજનાબેન મોરજરીયા, પૂર્વ ડે.મેયર ડૉ. દર્શિતાબેન શાહ, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, સેનિટેશન સમિતિ ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, કોર્પોરેટર શ્રી દુર્ગાબા જાડેજા, મહિલા મોરચાના પ્રમુખશ્રી નયનાબેન પેઢડીયા, નગર પ્રાથમિક સમિતિનાશ્રી કિરણબેન માકડીયા, શ્રી ભારતીબેન રાવલ, શ્રી મુકેશભાઈ મેહતા, પી.એ.ટુ કમિશનર શ્રી રવિન્દ્રસિંહ ચુડાસમા, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક આચાર્યશ્રીઓ અને શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ગુજરાત મ્યુનિ. ફાઈ. બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી એ જણાવેલ કે, શીખવા માટે ઉંમર ધ્યાનમાં રાખવી જોઈએ નહિ. માણસોએ જીવન પર્યાતટ શીખતા રહેવું જોઈએ. કોઈપણ ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કરવો જોઈએ. આજે વિવેકાનંદજીની બૂક આપવામાં આવેલ છે તે તમામ શિક્ષકો ખાસ વાંચે તેમજ વિદ્યાર્થીનુ ઘડતર થાય તે માટે ખાસ ધ્યાન આપવા અપીલ કરેલ.

### આ કાર્યક્રમમાં રજુ થયેલી કૃતિઓ

**૧. થીમ બેઈઝ દેશભક્તિ પર ડાન્સ : શ્રી પી એન્ડ ટી.વી.શેઠ હાઈસ્કૂલ**
**૨. સંસ્કૃતિ રાસ : શ્રી એકનાથ રાનડે વિદ્યાલય**
**૩. સ્વેગ સે કરે સબકા સ્વાગત ફ્યુઝન ડાન્સ : શ્રી વીર સાવરકર વિદ્યાલય**
**૪.ઢોલીડો પ્રાચીન રાસ : શ્રી મુરલીધર વિદ્યાલય**
**૫. જનની ની જોડ... માતૃપ્રેમ દર્શાવતો રાસ : સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ**
**૬. રાજસ્થાની ઘુમ્મર રાસ : મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય (પ્રજ્ઞાચક્ષુ બહેનો દ્વારા)**
**૭. વાગ્યો ઢોલ રાસ : મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય**
**૮. બોલે ચૂડિયા ડાન્સ : મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય**
**૯. કાના સોજા જરા ..... : સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ**
**૧૦. વંદે માત્રમ પર પિરામિડ રચના : શ્રી પી એન્ડ ટી.વી.શેઠ હાઈસ્કૂલ**

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કાર્યક્રમનુ આયોજન કરવા બદલ અભિનંદન પાઠવું છું. વિદ્યાર્થીના ઘડતરની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમત-ગમત, સ્વચ્છતા અભિયાન વિગેરે કાર્યક્રમો પણ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત, સરકારશ્રી પણ શિક્ષણ માટે ખુબજ કાર્ય કરી રહી છે. આ અંગે વિદ્યાર્થીઓને જાણકારી મળી રહે તેવું પણ આયોજન કરવું જોઈએ.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલએ જણાવેલ કે, આપણે જે કામ કરીએ તે શ્રેષ્ઠતાપૂર્વક કરીએ. જીવનમાં કોઈપણ કામ નાનું-મોટું નથી તેવા ધ્યેય સાથે આગળ વધવું જોઈએ. હું આજે પણ મારી જાતને વિદ્યાર્થી સમજુ છું.

છાત્રો દ્વારા રજુ થયેલ કૃતિઓએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરેલ. પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરેલ. જેમાં, ધોરણ ૧૦મા શ્રી પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કુલના પ્રથમ ક્રમે સાંબડ રામ, દ્વિતીય ક્રમે દાંતી સંદીપ અને તૃતીય ક્રમે પરમાર દીપેશ, તેમજ ધોરણ ૧૨મા સામાન્ય પ્રવાહના પ્રથમ ક્રમે ત્રમટ્ટા પ્રવીણ, દ્વિતીય ક્રમે ઉનાગર અંકુર, તૃતીય ક્રમે ડોડીયા મૌલિક તથા ધોરણ ૧૨મા વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમે કરગપરા સાહિલ, દ્વિતીય ક્રમે લાઠીયા વિદિત, તૃતિય ક્રમે ઠાકુર શિવમ આવેલ. શ્રી એકનાથ રાનડે વિદ્યાલયમા ધોરણ ૧૦મા પ્રથમ ક્રમે કદાવલા શ્યામ, દ્વિતીય ક્રમે ભોણીયા આનંદ, તૃતીય ક્રમે કુશવાહા અશ્વિન, શ્રી મુરલીધર વિદ્યામંદિરમા ધોરણ ૧૦મા પ્રથમ ક્રમે જોળીયા દિવ્યેશ, દ્વિતીય ક્રમે પરમાર વિવેક, તૃતીય ક્રમે અગ્રવાત કલ્પના, શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલમા ધોરણ ૧૦મા પ્રથમ ક્રમે વાઘડીયા હેલી, દ્વિતીય ક્રમે પરમાર પ્રિયા, તૃતીય ક્રમે વાણંદ તેજસ્વી, ધોરણ ૧૨મા પ્રથમ ક્રમે પરમાર સેજલ દ્વિતીય ક્રમે બગડા પૂજા, તૃતીય ક્રમે ચુડાસમા રાજવી, શ્રી મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલયમા ધો. ૧૦ મા પ્રથમ ક્રમે ચુડાસમા ક્રિષ્ના, દ્વિતીય ક્રમે પરમાર દર્શિતા, તૃતીય ક્રમે ચાવડા કિંજલ, ધોરણ ૧૨મા પ્રથમ ક્રમે બારૈયા શિવાની, દ્વિતીય ક્રમે બોખાણી સીમા, તૃતીય ક્રમે જોગીયા સ્વાતિ વિગેરે વિદ્યાર્થીઓને સન્માનિત કરેલ.

આ પ્રસંગે માધ્યમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી અંજનાબેન મોરજરીયાએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક તેમજ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. તેમજ કાર્યક્રમના અંતે શેઠ હાઈસ્કુલના શિક્ષક શ્રી નીતિનભાઈ ભૂતએ આભારવિધિ કરેલ.

**'શીખવા માટે ઉંમર ધ્યાનમાં રાખવી જોઈએ નહિ. માણસોએ જીવનપર્યંત શીખતા રહેવું જોઈએ.'**
- શ્રી ધનસુખભાઈ ભંડેરી
માન.ચેરમેનશ્રી, ગુજરાત મ્યુનિ. ફાઈ. બોર્ડ, રાજય









**'વિદ્યાર્થીના ઘડતરની સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમત-ગમત, સ્વચ્છતા અભિયાન વિગેરે કાર્યક્રમો ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.'**
- શ્રી બિનાબેન આચાર્ય,
માન. મેયરશ્રી, રા.મ્યુ.કો.

**'આપણે જે કામ કરીએ તે શ્રેષ્ઠતાપૂર્વક કરીએ. જીવનમાં કોઈપણ કામ નાનું-મોટું નથી તેવા ધ્યેય સાથે આગળ વધવું જોઈએ. હું આજે પણ મારી જાતને વિદ્યાર્થી સમજુ છું.'**
- શ્રી ઉદિત અગ્રવાલ,
માન. મ્યુનિ. કમિશનર, રા.મ્યુ.કો.




# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૧,૧૪,૧૬માં સેવા સેતુ કાર્યક્રમ યોજાયા

રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ સંબંધે લાભાર્થીઓનું ઘર આંગણે સુવિધા મળી રહે તેવા શુભ હેતુથી રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરેલ, જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નો તેમજ સરકારશ્રીની યોજનાઓ વિગેરેના નિકાલ માટે જુદી જુદી તારીખોએ શહેરના વોર્ડવાઇઝ પાંચમાં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ તમામ વોર્ડમાં યોજવાનું આયોજન કરેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાંચમાં તબકકાના સેવાસેતુમાં તા.૬–૧૨–૨૦૧૯, શુક્રવારના રોજ વેસ્ટ ઝોન વોર્ડ નં.૧૧માં મહિલા એકટીવીટી સેન્ટર, નાનામવા ખાતે યોજાયો. જેમાં મેયરશ્રી બિનાબેન આચાર્ય, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, મહિલા મોરચા પ્રભારી શ્રીમતી અંજલિબેન રૂપાણી, પૂર્વ કોર્પોરેટરશ્રી રાજુભાઇ બોરીચા, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઇ ઠાકર, કોર્પોરેટરશ્રી ઘનશ્યામસિંહ જાડેજા, શ્રી પરેશભાઇ હરસોડા, વોર્ડ પ્રભારીશ્રી અશ્વિનભાઇ પાંભર, વોર્ડ પ્રમુખશ્રી સંજયભાઇ પીપળીયા, વોર્ડ મહામંત્રીશ્રી હરસુખભાઇ માકડીયા, શ્રી સંજયભાઇ બોરીચા, તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

ઈસ્ટ ઝોન વોર્ડ નં.૧૬, રંગીલા હનુમાન મંદિર, વિવેકાનંદનગર ખાતે યોજાયો. જેમાં, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઇ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી કંચનબેન સિધ્ધપુરા, કોર્પોરેટરશ્રી હારૂનભાઇ ડાકોર, શ્રી વલ્લભભાઇ પરસાણા, વોર્ડ પ્રભારીશ્રી જીણાભાઇ ચાવડા, વોર્ડ પ્રમુખશ્રી ભાર્ગવભાઇ મિયાત્રા, વોર્ડ મહામંત્રીશ્રી જીતુભાઇ સિસોદીયા, શ્રી જતીનભાઇ પટેલ, અગ્રણીશ્રી સુરેશભાઇ વસોયા, શ્રી પ્રવિણભાઇ કિયાડા, શ્રી નરેન્દ્રભાઇ ડવ, શ્રી પઉભા ખાચર, પૂર્વ મહામંત્રીશ્રી હિરેનભાઇ ગૌસ્વામી તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૪ કામદાર કલ્યાણ મંડળ, કોઠારીયા કોલોની ખાતે યોજાયો. જેમાં, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઇ પરમાર, કોર્પોરેટર ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, શ્રી કિરણબેન સોરઠીયા, શ્રી વર્ષાબેન રાણપરા, શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઇ કોઠારી, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુશ્રી કેતનભાઇ પટેલ, પૂર્વ મેયરશ્રી રક્ષાબેન બોળિયા, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી જયોત્સનાબેન હળવદીયા, વોર્ડ પ્રભારીશ્રી નીલેશભાઇ જલુ, વોર્ડ પ્રમુખશ્રી અનીશભાઇ જોષી, વોર્ડ મહામંત્રીશ્રી નરેન્દ્રભાઇ કુબાવત, શ્રી વિપુલભાઇ માખેલા, તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

સેવાસેતુ કાર્યક્રમમાં હોમ્યોપેથીક ડૉ. મેઘાણીસાહેબની ટીમ દ્વારા ડેન્ગ્યુની નિઃશુલ્ક અટકાયતી દવા આપવામાં આવેલ.

પાંચમા તબકકાના સેવાસેતુ કાર્યક્રમમાં વોર્ડ નં.૧૧માં કુલ ૮૨૯ અરજીઓ, વોર્ડ નં.૧૪માં કુલ ૮૪૭ અરજીઓ તથા વોર્ડ નં.૧૬માં કુલ ૮૮૬ અરજી તેમજ અન્ય સેવાની કુલ ૯૪૩ અરજીઓ આવેલ, જેમાં મુખ્યત્વે આધારકાર્ડ, વાત્સલ્ય કાર્ડ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આવકના દાખલા તેમજ જ્ઞાતિ પ્રમાણપત્ર વિગેરે માટે અરજીઓ આવેલ. તે તમામ અરજીઓનો નિકાલ થયેલ.

## કાલાવડ રોડ થી યુનિવર્સિટી ગેઇટ સુધીના રોડ પરના સેન્સર પેવર કામની સાઇટ વિઝિટ કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે તા.૧૨–૧૨–૧૯ના રોજ કાલાવડ રોડ સ્થિત મહર્ષિ શ્રી દયાનંદ સરસ્વતી સ્વિમિંગ પૂલની અને જડુઝ રેસ્ટોરન્ટથી યુનિ. ગેઇટ સુધીના રોડ પરના સેન્સર પેવર કામની સરપ્રાઇઝ સાઇટ વિઝિટ કરી સ્થળ પર જ જે તે પ્રશ્ન અને કામોની સમીક્ષા કરી હતી તેમજ અધિકારીશ્રીઓને આવશ્યક સૂચના આપેલ.

આ સાઇટ વિઝિટ વિશે વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રીએ એમ જણાવ્યું હતું કે, સવારે કાલાવડ રોડ સ્થિત મહર્ષિ શ્રી દયાનંદ સરસ્વતી સ્વિમિંગ પૂલની મુલાકાત લીધી હતી અને આ દરમ્યાન સ્વિમિંગ પૂલના પાણીની ગુણવત્તા ફિલ્ટર પ્લાન્ટનું રિપેરિંગ કાર્ય પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ છે. સ્વિમિંગ પૂલના સભ્યોના સ્વાસ્થ્યના હિતમાં તાત્કાલિક અસરથી આ કામ હાથ ધરવામાં આવેલ છે. સ્વિમિંગ પૂલના પાણીની ગુણવત્તા યોગ્ય રહે તે અત્યંત આવશ્યક છે. આ બાબતમાં કશી જ બાંધ છોડના થાય તે જોવા સંબંધિત અધિકારીશ્રીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવેલ છે. દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે મોન્સૂન ગ્રાન્ટમાંથી હાથ ધરાયેલા શહેરના વિવિધ રસ્તાઓના ડામર કામ દરમ્યાન જડુઝ રેસ્ટોરન્ટથી યુનિવર્સિટી ગેઇટ સુધીના રોડ પર ચાલી રહેલા સેન્સર પેવર કામની સરપ્રાઇઝ વિઝિટ પણ કરી હતી.

આ મુલાકાત વખતે કમિશનરશ્રીએ કામની ગુણવત્તાની ખાસ ચકાસણી કરી હતી. જેમાં પેવર કામના મટીરીયલ સહિતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સેન્સર પેવરથી થઇ રહેલા આ કામમાં રસ્તાનું નિર્ધારિત લેવલીંગ જાળવવા આવે છે અને તેના પરિણામે ચોમાસા દરમ્યાન આવા રસ્તા પર વરસાદી પાણીનો ભરાવો થતો નથી. પાણી સડસડાટ વહી જાય છે. સાથોસાથ પેવર રોડનું ફિનિશિંગ ખૂબ જ સારુ હોય છે. આ રસ્તાનું ટકાવપણું વધી જાય છે અને રસ્તાની લાઇફ લાંબી રહે છે આ સાઇટ વિઝિટ દરમ્યાન પેવર કામની ગુણવત્તા બરોબર જણાઇ હતી. મોન્સૂન ગ્રાન્ટના રોડના કામો ઝડપભેર પરિપૂર્ણ કરવા સંબંધિત એજન્સીઓ અને અધિકારીશ્રીઓને ખાસ સૂચના આપવામાં આવેલ.





ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ

## ડૉ. યાજ્ઞિક રોડ અને કાલાવડ રોડ પર પદયાત્રા કરી કામોની સ્થળ પર સમીક્ષા કરતા માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય તથા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય સહિતના પદાધિકારીશ્રીઓ અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે તા.૨૨-૧૨-૨૦૧૯, રવિવાર અને તા.૨૩-૧૨-૨૦૧૯, સોમવાર એમ બંને દિવસોએ સવારે શહેરના ડૉ. યાજ્ઞિક રોડ અને કાલાવડ રોડ પર પદયાત્રા કરી હતી અને વિવિધ પ્રશ્નો અને કામોની સ્થળ પર જ સમીક્ષા કરી તેના ઉકેલ માટે નિર્ણયો કર્યા હતાં.

ડૉ. યાજ્ઞિક રોડ પર માન. મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ મુખ્યત્વે સફાઈ કામગીરી, ફૂટપાથ રિપેરિંગ, અનધિકૃત દબાણ દુર કરવા, કોમ્પલેક્ષના સેલર પાર્કિંગ અને માર્જિનની જગ્યા ખુલ્લી કરવા, વાહન પાર્કિંગ, અનધિકૃત બોર્ડ દૂર કરવા, ઝીરો લેવલ પાર્કિંગ વૃક્ષને રક્ષણ, વોંકળા સફાઈ વગેરે કામો અંગે જરૂરી સૂચના અપાઈ હતી.

ડૉ. યાજ્ઞિક રોડ પર જિલ્લા પંચાયત ચોકથી શરૂ થયેલી પદયાત્રા દરમ્યાન માન. મેયરશ્રી, મ્યુનિ. કમિશનરશ્રી ઉપરાંત શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, નાયબ કમિશનરશ્રી એ. આર. સિંઘ, શ્રી ચેતન નંદાણી અને શ્રી બી. જી. પ્રજાપતિ, તેમજ એડી. સિટી એન્જિનિયર શ્રી એમ. આર. કામલીયા, સી.ઈ.શ્રીઓ શ્રી એચ. યુ. દોઢિયા અને શ્રી કે. એચ. ગોહેલ, પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશ પરમાર વગેરે સહિતના અધિકારીશ્રીઓ હાજર રહયા હતાં.

કાલાવડ રોડ પર જડુઝ રેસ્ટોરન્ટથી કેન્દ્રીય વિદ્યાલય સુધીના એરીયામાં સફાઈ કામગીરી, ફૂટપાથ રિપેરિંગ, અનધિકૃત દબાણ દુર કરવા, કોમ્પલેક્ષના સેલર પાર્કિંગ અને માર્જિનની જગ્યા ખુલ્લી કરવા, વાહન પાર્કિંગ, અનધિકૃત બોર્ડ દૂર કરવા, ઝીરો લેવલ પાર્કિંગ વૃક્ષને રક્ષણ, વોંકળા સફાઈ વગેરે કામો અંગે જરૂરી સૂચના અપાઈ હતી.

કાલાવડ રોડ પર શરૂ થયેલી પદયાત્રા દરમ્યાન માન. મેયરશ્રી, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉપરાંત શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, નાયબ કમિશનરશ્રીઓ શ્રી એ. આર. સિંઘ, શ્રી ચેતન નંદાણી, તેમજ એડી. સિટી એન્જિનિયર શ્રી એમ. આર. કામલીયા, વગેરે સહિતના અધિકારીશ્રીઓ હાજર રહયા હતાં.






## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨,૧૭,૧૮માં સેવા સેતુ કાર્યક્રમ યોજાયા

સેવાસેતુ કાર્યક્રમમાં નાગરિકોના ઉકેલ લાવી શકાય તેવા પ્રશ્નો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવેલ.

રાજય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહિવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી સરકારની જુદી જુદી યોજનાઓ સંબંધે લાભાર્થીઓનુ ઘર આંગણે સુવિધા મળી રહે તેવા શુભ હેતુથી રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ મહાનગરપાલિકાને લગત જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નો તેમજ સરકારશ્રીની યોજનાઓ વિગેરેના નિકાલ માટે જુદી જુદી તારીખોએ શહેરના વોર્ડ વાઈઝ પાંચમાં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ તમામ વોર્ડમાં યોજવાનુ આયોજન કરેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાંચમા તબક્કાના સેવાસેતુમાં તા. ૨૦-૧૨-૨૦૧૯, શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે વેસ્ટ ઝોન વોર્ડ નં.૧૨મા સિદ્ધેશ્વર મહાદેવ મંદિર, કે.કે. રેસિડેન્સી, શેરી નં.૩ ખાતે યોજાયો. જેમાં મેયરશ્રી બિનાબેન આચાર્ય, શ્રી રાજુભાઈ બોરીચા, અગ્રણી શ્રી નવીનભાઈ વાછાણી, શ્રી રમેશભાઈ વેકરીયા, શ્રી અતુલભાઈ કાથરોટીયા, શ્રી લાલાભાઈ સરધારા, કોર્પોરેટરશ્રી સંજયભાઈ અજુડીયા, શ્રી વિજયભાઈ વાંક, વોર્ડ પ્રભારીશ્રી પ્રદીપભાઈ ડવ, વોર્ડ પ્રમુખશ્રી રસિકભાઈ કાવઠીયા, શ્રી યોગરાજસિંહ જાડેજા, શ્રી મૌલિકભાઈ દેલવાડિયા, શ્રી કનકસિંહ જાડેજા, તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઈસ્ટ ઝોન વોર્ડ નં.૧૮મા સવારે ૦૯:૦૦ કલાકે, ક્રિકેટ ગ્રાઉન્ડ, પ્રમોદાબેન સ્કુલની બાજુમાં, કોઠારીયા રોડ, ખાતે યોજાયો. જેમાં, ધારાસભ્ય શ્રી અરવીંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, ડે. મેયર શ્રી  અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, અગ્રણી શ્રી જેનીશભાઈ ડોબરિયા, શ્રી નરશીભાઈ સખીયા, શ્રી મનસુખભાઈ ટાંક, શ્રી ભીખાભાઈ હરસોડા, શ્રી કાળુભાઈ કુંમર, શ્રી દેવાયતભાઈ ડાંગર, શ્રી શૈલેષભાઈ પરસાણા, શ્રી સંદીપભાઈ ગાજીપરા, કોર્પોરેટરશ્રી નિર્મળભાઈ મારૂ, વોર્ડ પ્રભારીશ્રી સંજયભાઈ ધવા, વોર્ડ પ્રમુખશ્રી સંજયસિંહ રાણા, વોર્ડ મહામંત્રીશ્રી હિતેશભાઈ ઢોલરીયા, શ્રી રવિભાઈ હમીરપરા, તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૭મા સવારે ૦૯:૦૦ કલાકે, શાળા નં.૨૦, નારાયણ નગર મેઈન રોડ, ખાતે યોજાયો. જેમાં, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્ય શ્રી  ગોવિંદભાઈ પટેલ, કોર્પોરેટર શ્રી અનીતાબેન ગૌસ્વામી, શ્રી ગાયત્રીબેન ભટ્ટ, શ્રી જયાબેન ટાંક, શ્રી ઘનશ્યામસિંહ જાડેજા, પૂર્વ કોર્પોરેટર શ્રી જેન્તીભાઈ સરધારા, અગ્રણી શ્રી કીર્તીબા રાણા, શ્રી વિરેનભાઈ કાચા, વોર્ડ પ્રભારીશ્રી જીગ્નેશભાઈ જોષી, વોર્ડ પ્રમુખશ્રી જેન્તીભાઈ નોધણવદરા, વોર્ડ મહામંત્રીશ્રી યોગેશ ભટ્ટ, શ્રી જગદીશભાઈ વાઘેલા તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં હોમ્યોપેથીક ડૉ.મેઘાણી સાહેબની ટીમ દ્વારા નિશુલ્ક ડેન્ગ્યુંની અટકાયતી દવા આપવામાં આવેલ.

પાંચમાં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં વોર્ડ નં.૧૨માં કુલ ૧૦૨૩ અરજીઓ, વોર્ડ નં.૧૭માં કુલ ૧૧૬૨ અરજીઓ તથા વોર્ડ નં.૧૮માં કુલ ૧૦૭૪ અરજીઓ આવેલ, જેમાં મુખ્યત્વે આધારકાર્ડ, વાત્સલ્યકાર્ડ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આવકના દાખલા તેમજ જ્ઞાતિ પ્રમાણપત્ર વિગેરે માટે અરજીઓ આવેલ. તે તમામ અરજીઓનો નિકાલ થયેલ.



# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૦૯,૦૪,૦૨માં સેવા સેતુ કાર્યક્રમ યોજાયા

રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહિવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી સરકારશ્રી જુદી જુદી યોજનાઓ સંબંધે લાભાર્થીઓનું ઘર આંગણે સુવિધા મળી રહે તેવા શુભ હેતુથી રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ મહાનગરપાલિકા ને લગત જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નો તેમજ સરકારશ્રીની યોજનાઓ વિગેરેના નિકાલ માટે જુદી જુદી તારીખોએ શહેરના વોર્ડવાઇઝ પાંચમાં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ તમામ વોર્ડમાં યોજવાનું આયોજન કરેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાંચમાં તબકકાના સેવાસેતુમાં તા.૨૭-૧૨-૨૦૧૯, શુક્રવારના રોજ વેસ્ટ ઝોન વોર્ડ નં.૯માં રાજ પેલેસ સામે, સાધુવાસવાણી રોડ, ખાતે યોજાયો. જેમાં માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, અનુસુચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઇ પૂજારા, કોર્પોરેટરશ્રી રૂપાબેન શીલુ, શ્રી શિલ્પાબેન જાવિયા, વોર્ડ પ્રમુખશ્રી પ્રદીપભાઇ નિર્મળ, વોર્ડ મહામંત્રીશ્રી હિરેનભાઇ સાપરીયા, શ્રી વિરેન્દ્રભાઇ, શ્રી પ્રવિણભાઇ મારૂ તેમજ સ્થાનીક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઈસ્ટ ઝોન વોર્ડ નં.૪માં સવારે ૯.૦૦ કલાકે, મોરબી રોડ, જકાત નાકાની બાજુનું ગ્રાઉન્ડ ખાતે યોજાયો. જેમાં, ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, મહામંત્રીશ્રી કિશોરભાઇ રાઠોડ, કોર્પોરેટર શ્રી પરેશભાઇ પીપળીયા, શ્રી રેખાબેન ગજેરા, શ્રી સીમ્મીબેન જાદવ, શહેર ભાજપ મંત્રીશ્રી મધુબેન કુંગશીયા, વોર્ડ પ્રભારીશ્રી અશોકભાઇ લુણાગરીયા, વોર્ડ પ્રમુખશ્રી સી. ટી. પટેલ, વોર્ડ મહામંત્રીશ્રી દિનેશભાઇ ચૌહાણ, શ્રી કાનાભાઇ ઉધરેજા, શ્રી વાસંતીબેન, શ્રી કંકુબેન ઉધરેજા, શ્રી છગનભાઇ રૈયાણી, શ્રી કાનાભાઇ ડંડૈયા, શ્રી સંજયભાઇ ગૌસ્વામી, શ્રી ચંદુભાઇ ભંડેરી, શ્રી મનીષાબેન સેરસીયા, શ્રી રાજેશ્રીબેન માલવિયા, શ્રી સોનલબેન ચોવટિયા, શ્રી નારણભાઇ પરમાર, શ્રી નવઘણભાઇ ચાવડા, શ્રી રાણાભાઇ વિજવાડીયા, શ્રી ભરતભાઇ મુલીયા, શ્રી હસમુખભાઇ પરમાર, શ્રી બચુભાઇ ચાવડા, શ્રી જનકભાઇ કુંગસીયા વગેરે અગ્રણીશ્રીઓ તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૦૨માં સવારે ૦૯.૦૦ કલાકે, શાળા નં. ૫૯, બજરંગવાડી, પાણીના ટાંકા ખાતે યોજાયો. જેમાં, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, કોર્પોરેટરશ્રી મનીષભાઇ રાડીયા, શ્રી જયમીનભાઇ ઠાકર, ડૉ. દર્શિતાબેન શાહ, અગ્રણીશ્રી ડૉ. શૈલેશભાઇ વસાણી, શ્રી રાજેશભાઇ કુંગસીયા, શ્રી મોહનભાઇ વાડોલીયા, શ્રી જનકભાઇ મહેતા, શ્રી અજયસિંહ જાડેજા, વોર્ડ પ્રભારીશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, વોર્ડ પ્રમુખશ્રી અતુલભાઇ પંડિત, વોર્ડ મહામંત્રીશ્રી દશરથભાઇ વાળા, શ્રી ભાવેશભાઇ ટોયટા, તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં હોમ્યોપેથીક ડૉ. મેઘાણી સાહેબની ટીમ દ્વારા નિઃશુલ્ક ડેન્ગ્યુની અટકાયતી દવા આપવામાં આવેલ.

પાંચમા તબકકાના સેવાસેતુ કાર્યક્રમમાં વોર્ડ નં.૦૯માં કુલ ૧૨૪૩ અરજીઓ, વોર્ડ નં.૦૨માં કુલ ૬૫૪ અરજીઓ તથા વોર્ડ નં.૦૪માં કુલ ૯૬૩ અરજી તેમજ અન્ય સેવાની કુલ ૯૪૩ અરજીઓ આવેલ, જેમાં મુખ્યત્વે આધારકાર્ડ, વાત્સલ્ય કાર્ડ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આવકના દાખલા તેમજ જ્ઞાતિ પ્રમાણપત્ર વિગેરે માટે અરજીઓ આવેલ તે તમામ અરજીઓનો નિકાલ થયેલ.

# સ્માર્ટ સિટીના GIS પ્રોજેકટ અંતર્ગતની આગેકૂચ

રાજકોટ શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા સ્માર્ટ સોલ્યુશનનું અમલીકરણ કરવામાં આવે છે. આ કામગીરીનાં ભાગરૂપે તા.૧૩-૧૨-૨૦૧૯ના રોજ GIS પ્રોજેકટ અંતર્ગત મહાનગરપાલિકાની હદમાં આવેલ તમામ રહેણાંક તેમજ વાણીજય હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતી મિલ્કતનોનો ડાર-ટુ-ડોર સર્વે કરી આ તમામ મિલ્કતોનું Geo Tagging કરવામાં આવશે. સાથોસાથ શહેરના વિવિધ માર્ગો અને શેરીઓમાં અન્ડરગ્રાન્ડ પથરાયેલી તમામ યુટિલિટી સર્વિસીઝનો સર્વે શરૂ કરી દેવામાં આવેલ હોવાનું મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

આ મેગા પ્રોજેકટ વિશે વિસ્તૃત જાણકારી આપતા મ્યુનિ. કમિશનરશ્રીએ એમ જણાવ્યું હતું કે, મિલ્કતોનો ડોર-ટુ-ડોર સર્વેનો મુખ્ય હેતુ મહાનગરપાલિકાની હદમાં આવતી તમામ મિલ્કતોના અક્ષાંશ અને રેખાંશ નકકી કરી તેને રાજકોટ શહેરના નકશા પર ચોકકસાઈપૂર્વક દર્શાવવામાં આવશે. રાજકોટ વિસ્તારના આ નકશાનો ઉપયોગ ભવિષ્યની GIS સેવાઓ કે જે રાજકોટ મહાનગરપાલિકાને મિલ્કતોની વિગતો જોવા, એનેલાઇઝ કરવા તેમજ યુટીલાઇઝ કરવામાં ઉપયોગી થશે. આ ડેટાના આધારે મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવનાર સુવિધાઓ વધુ સચોટ રીતે અમલ કરી શકાશે તેમજ આ વિગતો મિલ્કત વેરા સાથે લીંક થતાં પારદર્શિતા વધશે તેમજ આ તમામ માહિતી શહેરીજનો ભવિષ્યમાં GISના સિટીઝન પોર્ટલ પર જોઇ શકશે.

BSNL અને AIPL આ બન્ને એજન્સીઓ દ્વારા ડોર-ટુ-ડોર સર્વે કરી શહેરની તમામ મિલ્કતોનું Geo Tagging કરવામાં આવશે. આ સર્વે દરમ્યાન તમામ મિલ્કતો પર સર્વેયર દ્વારા રૂબરૂ જઇ મિલ્કતોની વિગતોની ચકાસણી કરવામાં આવશે તેમજ તેના માલિકોની વિગતો મેળવવામાં આવશે અને મિલ્કતના અક્ષાંશ અને રેખાંશની વિગતો તેમની પાસે રહેલ મોબાઇલમાં મોબાઇલ એપ દ્વારા નોંધવામાં આવશે.

સર્વેયર દિવસના ભાગે મિલ્કતની મુલાકાત લેશે તેમજ તેઓ પાસે વેલીડ આઇ કાર્ડ હશે તેના પર BSNL તેમજ RSCDLના અધિકારીઓની સહી તથા સિક્કો હશે. આ સર્વે તા.૧૩-૧૨-૨૦૧૯થી શરૂ થશે. રાજકોટ શહેરના તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે જયારે સર્વેયર ડોર-ટુ-ડોર મિલ્કતોનો સર્વે કરવા આવે ત્યારે તેને સહકાર આપવા તેમજ તેના દ્વારા માગવામાં આવતી તમામ જરૂરી માહિતીઓ આપવા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જાહેર હાર્દિક અપીલ કરી હતી.

## :: અન્ડરગ્રાઉન્ડ યુટિલિટીઝનો સર્વે ::

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અન્ય એક GIS સર્વે શરૂ કરી દેવામાં આવેલ છે જેમાં શહેરના વિવિધ માર્ગો અને શેરીઓમાં અન્ડરગ્રાઉન્ડ પથરાયેલી તમામ યુટિલિટી સર્વિસીઝને આવરી લેવામાં આવેલ હોવાનું જણાવી મ્યુનિ. કમિશનશ્રી ઉદિત અગ્રવાલે વધુમાં ઉમેર્યું હતું કે, રસ્તાની નીચે મહાનગરપાલિકાની પાણી અને ડ્રેનેજ લાઇન ઉપરાંત ગેસ, BSNL, PGVCLની લાઇનો બિછાવવામાં આવેલી છે. ભવિષ્યમાં રસ્તાના કામ કે અન્ય નાના મોટા પ્રોજેકટના કામો વખતે રસ્તા ખોદવાની જરૂર પડે ત્યારે આ GIS સર્વેની મદદથી તૈયાર કરવામાં આવેલા યુટિલિટી સર્વિસીઝના ડેટાના આધારે મહાનગરપાલિકા જે તે કામ કરનારી એજન્સીને યુટિલિટી સર્વિસીઝ વિશે અગાઉથી જ માહિતી આપી શકશે. જેથી યુટિલિટી સર્વિસીઝને કોઇ પ્રકારે નુકશાન ના થાય અને જે તે સેવા પણ ડીસ્ર્બ ના થાય.

## મિલ્કતધારકો પાસેથી ડોર-ટુ-ડોર સર્વેમાં લેવામાં આવનાર ડોક્યુમેન્ટ્સ

- મિલ્કતવેરા/વ્યવસાય વેરાનું બીલ/રસીદ. - પાણી ચાર્જનું બીલ/રસીદ.
- મિલ્કતધારકનું નામ/જન્મ તારીખ/મો.નં./ઈમેલ આઇ.ડી.
- શોપ-એકટ લાઇસન્સની વિગત. - લાઇટ બીલ.
- રેવન્યુ સર્વે નં./સિટી સર્વે નં./ટી.પી. ફાઇનલ પ્લોટ નંબર
- મિલ્કતને લગત અન્ય કાગળો જેવા કે બાંધકામ/વપરાશ પરવાનગી.
- ભાડૂઆતની વિગત.

# રહેણાંક અને વાણિજય મિલ્કતોનો ડોર-ટુ-ડોર સર્વે તથા અન્ય મિલ્કતોનું Geo Tagging થશે : મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

# સંત કબીર રોડ પર સ્માર્ટઘર-૪B આવાસ યોજનામાં સોલાર - વિન્ડ હાઈબ્રીડ પવનચક્કી કાર્યરત્ત



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક નવો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. વોર્ડ નં. ૬ માં ટી.થી. ૭ એફ.પી. ૮૧ માં સંત કબીર રોડ પર ગોકુલનગર પાસે ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટને ધ્યાનમાં રાખીને પ્રધાન––મંત્રી આવાસ યોજના અંતર્ગત બની રહેલ સ્માર્ટ ઘર–૪B આવાસ યોજનામાં સોલાર – વિન્ડ હાઈબ્રીડ પવનચક્કી તા.૧૪–૧૨–૨૦૧૯ કાર્યરત્ત કરવામાં આવેલ છે. પવનચક્કી મુકવામાં આવેલ છે. આ પવનચક્કીની વિશેષતા એ છે કે, તે દિવસે સૂર્ય ઉર્જા અને ચોવીસે કલાક પવન ઉર્જા એમ બંને વડે ચોવીસે કલાક વિજળી ઉત્પન્ન કરી શકે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એફોર્ડેબલ હાઉસિંગ આવાસ યોજનામાં સોલાર – વિન્ડ હાઈબ્રીડ પવનચક્કીનો આ પ્રથમ પાયલોટ પ્રોજેક્ટછે.

સ્માર્ટ ઘર–૪B આવાસ યોજનામાં કાર્યરત્ત કરવામાં આવેલી આ પવનચક્કીના પેનલની ઉંચાઇ ૫ મીટર જેટલી રાખવામાં આવેલ છે. આ પવનચક્કીથી આશરે ૧.૨ સૂનો પાવર ઉત્પન્ન થઇ શકશે. આ પવનચક્કી આવાસ યોજનાની છત પર મુકવામાં આવેલ છે. તેમાં ૧૨ W ૭૫ ફળવની રનીંગ બેટરી અને ૧.૨ સૂચાર્જર કંટ્રોલર રાખવામાં આવેલ છે. સદરહુ પવનચક્કીની બ્લેડની સાઈઝ ૪૨ જેટલી હોય છે. તેમજ પવનચક્કીની રનીંગ બેટરીમાં ૨૪ કલાક સુધી પાવર સેવિંગ કરી શકાય છે.

આ પવનચક્કીમાં ચાર નંગ બેટરી વડે પાવર સેવિંગ કરવામાં આવી રહયો છે. આ ચારેય બેટરી એક વાર કુલ પાવર સેવિંગ થઇ જાય એટલે તેની મદદથી આ આવાસ યોજનામાં ૪૦ વોટની કુલ ૩૫ સ્ટ્રીટલાઈટ ઝળહળતી કરી શકાય છે. બેટરી બેકઅપ ૨૪ કલાકનું હોવાથી આવાસ યોજનામાં બે રાત્રી માટે વિજળી ઉપલબ્ધ બની શકે છે.

આ પવનચક્કીની કિંમત આશરે રૂા.૪ લાખ જેટલી થાય છે. આ પવનચક્કી જો ૧00% કાર્યક્ષમતાથી ચાલશે તો વાર્ષિક ૧0,000 યુનિટ પાવર ઉત્પન્ન થઇ શકશે. આ પવનચક્કીના પરફોર્મન્સ રીવ્યુ કર્યા બાદ યોગ્ય જણાયે આ પ્રકારની વધુ પવનચક્કી ઉભી કરવામાં આવશે. આગામી દિવસોમાં પીજીવીસીએલ સાથે સંકલન અંગે વિચારવામાં આવશે.

જો પી.જી.વી.સી.એલ.ના પાવર ગ્રીડમાં આ પવનચક્કી કનેક્ટ કરી દેવામાં આવે તો રાજકોટ મહાનગર––પાલિકાએ બેટરી બેકઅપ રાખવાની જરૂર ના પડે અને એ રીતે બેટરીનો ખર્ચ બાદ થઇ જતા પવનચક્કીની બેઝિક પણ હજુ ઘટી શકશે.

- **સૂર્ય ઉર્જા અને પવન ઉર્જા એમ બંને વડે ચોવીસે કલાક વિજળી ઉત્પન્ન કરી શકે છે : એફોર્ડેબલ હાઉસિંગ યોજનામાં પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ**
- **ચાર બેટરી એક વાર કુલ પાવર સેવિંગ કરતા ૪૦ વોટની કુલ ૩૫ સ્ટ્રીટલાઈટ ૨૪ કલાક માટે ઝળહળતી રહી શકે**

## શહેરમાં 30 સ્થળોએ ઓટોમેટિક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ કાર્યરત થશે : મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ




રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી. (RSCDL) ના સેવોતમ પ્રોજેક્ટ હેઠળ રાજકોટ શહેરમાં અલગ–અલગ મુખ્ય સર્કલો પર કુલ ૧૯ નવા ટ્રાફિક સિગ્નલ તથા હયાત જુના ટ્રાફિક સિગ્નલ દુર કરી તેની જગ્યાએ ૧૧ નવા એમ કુલ 30 નંગ એડપ્ટીવ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ (ATCS) સ્થાપિત કરવામાં આવશે જેનું અંદાજિત કુલ રૂા.૧૧,૭૪,00,000 ના ખર્ચ થનાર છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ તા.૧૧–૧૨–૨૦૧૯ જણાવ્યું હતું.

તેમને વધુમાં જણાવ્યું હતું કે, ભારત દેશના અમુક રાજ્યના મુખ્ય શહેરોએ અપનાવેલ નવી ટેકનોલોજી મુજબના ATCS ટ્રાફિક સિગ્નલ કે જે અત્યારની સૌથી લેટેસ્ટ આધુનિક ટેકનોલોજી હોય, જેનું સંપૂર્ણ કંટ્રોલ એન્ડ મોનીટરીંગ ICCC ખાતે નવા બનનાર ડેટા સેન્ટરમાંથી થશે.

આ ટેકનોલોજી અંતર્ગત ટ્રાફિક સિગ્નલ પર વાહનોને ડિટેક્ટ કરીને ટ્રાફિક સિગ્નલના સમયને વધારી અને ઘટાડી શકે છે આમ આ ટેકનોલોજીથી ટ્રાફિક જંકશન પર થતા સમયના વ્યયને ઘટાડી શકાય છે. જેમ કે શહેરના કોઈપણ સર્કલ કે ચોક પર આ સિસ્ટમ લગાવવાથી જે તરફના રસ્તા પર વધુ ટ્રાફિક છે તે તરફના રસ્તા પરના વાહનોને પસાર થવા માટે વધુ સમય મળશે અને જે તરફના રસ્તા પર ઓછો ટ્રાફિક છે તે તરફના રસ્તાને ટ્રાફિક પ્રમાણે પસાર થવા માટે સમય મળશે. જેનાથી સમયનો પણ બચાવ થશે અને વાહનોને પસાર થવા માટે પુરતો સમય પણ મળી રહેશે. રાજકોટ શહેરમાં માધાપર ચોકડી, ગ્રીનલેન્ડ ચોક, જીલ્લા પંચાયત ચોક, મક્કમ ચોક, નાણાવટી ચોક, ઈન્દીરા ચોક, લવલી ગેસ્ટ હાઉસ પાસે, ભૂતખાન ચોક, લીમડા ચોક, એસ.બી.એસ. ચોક–જવાહર રોડ, કોર્પોરેશન ચોક, બીગ બજાર સર્કલ, આજીડેમ ચોક, રૈયા ચોક, કોસ્મો ચોક–નવા રીંગ રોડ, કે.કે.વી. ચોક, પુનીત નગર ચોક, મવડી ચોક, રૈયા ટેલીફોન ચોક, જડુશ ચોક, રાજનગર ચોક, નાનામવા ચોક, રામદેવપીર ચોક, હનુમાન મઢી ચોક, ત્રિકોણ બાગ ચોક, ઢેબર ચોક, કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ચોક, નાગરિક બેંક ચોક, જામટાવર ચોક વિગેરે સ્થળો મળીને કુલ ૨૯ સ્થળો પર ટ્રાફિક સિગ્નલ લોકેશન લગાવવામાં આવેલ છે, અને હાલ 30 મુ સિગ્નલ લગાવવા માટે સ્થળ નક્કી થશે.